આજની નવલી નવરાત

- સેકટર-૩-ન્યુ નવરાત્રી ચોકમાં ચોસઠ મ્યુઝિકલ ગ્રૂપના કિશનભાઈ બારોટ રાસ ગરબાની રમઝટ કરાવશે.
- સેકટર-૩-બી નવરાત્રી ચોકમાં નાગેશ્વરી કલાવૃંદ રાસ ગરબાની ધૂમ મચાવશે.
- સેકટર-૫-સી નવરાત્રી ચોક ખાતે ગણેશ કલાવૃંદના વિપુલ સોલંકી ખેલૈયાઓને ઢોલે રમાડશે.
- કલ્ચરલ ફોરમ ગાંધીનગર બાલનગરી ગ્રાઉન્ડ સેકટર-૬ ખાતે અમિત ઠકકર, દિમી દેસાઈ રાસ-ગરબાની રમઝટ બોલાવશે.
- સેકટર-૮ એકતા ચોકમાં રામદેવ કલાવૃંદ રાસ ગરબાની મોજ કરાવશે.
- સે-૧૭ નવરાત્રી ચોકમાં અમદાવાદના જય પટેલ ગ્રૂપ ખેલૈયાઓને ગરબાની મોજ કરાવશે.
- સેકટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં ઝનકાર ગ્રૂપના આરતી ઠકકર રાસ ગરબાની રમઝટ કરાવશે.
- સરઢવ વારાહી ચોકમાં અમદાવાદના કોમલ આર્ટ ગરબામાં રમઝટ કરાવશે.
- સરઢવ માંડવી ચોકમાં પાલનપુર અલંકાર ગ્રૂપના અર્જુન ઠાકોર, મીના ઠાકોર ગરબાની મોજ કરાવશે.

પાચમું નોરતુ

કલ્ચરલ ફોરમના ગરબામાં આજના વિજેતાઓ

કેટેગરી	વિજેતા ખેલૈયા
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ	યશરાજ ચૌહાણ - વિનર
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ	તનુજ ઠક્કર - રનર્સઅપ
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ	આસ્થા યાદવ - વિનર
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ	આસ્થા શાહ - રનર્સ અપ
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ	ઓમ દવે - વિનર
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ અપ	ધનવીરસિંહ ઝાલા- રનર્સ
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ	ઝરણા ભાવસાર - વિનર
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ	ત્વિસા વ્યાસ - રનર્સ અપ
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ	વિદિત સંઘવી - વિનર
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ	જેતુ પટેલ - રનર્સ અપ
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ	ધરંગી પટેલ - વિનર
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ	આશા ઠક્કર - રનર્સ અપ
બેસ્ટ ડ્રેસ પ્રિન્સ	રાજન કોસંબીયા - વિનર
બેસ્ટ ડ્રેસ પ્રિન્સ	અંકિત સોની - રનર્સ અપ
બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ	વૈશાલી આહિર - વિનર
બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ	પ્રિયા ભગત - રનર્સ અપ
બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના)	કલ્પેશ ઠક્કર - વિનર
બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના)	કિલ્લોલ દવે - રનર્સઅપ
બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના)	કલ્પના ઠક્કર - વિનર
બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના)	માલા દવે - રનર્સ અપ
બેસ્ટ પેર - વિનર	પરિમલસિંહ રાઠોડ-હિરલબા બિહોલા
બેસ્ટ પેર	જીગર વસાવા-દેવાંશી પટેલ - રનર્સ અપ
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ	હર્ષ ત્રિવેદી - વિનર
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ	તારક પંડ્યા - રનર્સ અપ
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ	પંક્તિ પટેલ - વિનર
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ	પિન્કી મુન્દ્રા - રનર્સ અપ

સે-૨૮ પ્રેસ સર્કલ પાસેથી ચેઈન સ્નેચર ઝડપાયો

સે-૫ અને સે-૨૭માં થયેલી ચેઈન સ્નેચીંગ તેના સાગરીતો સાથે મળીને કરી હોવાની કબુલાત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં આવેલા ચઈન સ્નેચીંગના બનાવોને લઈ જિલ્લા પોલીસ વડાની સુચનાથી ગાંધીનગર એલસીબીની ટીમે ચેઈન સ્નેચર્સને પકડવા બાતમીદારો સક્રિય કર્યા છે જે અનુસંધાને ગઈ કાલે પેટ્રોલીંગ દરમિયાન એલસીબની ટીમે પલ્સર બાઈક પર જતા એક ચેઈન સ્નેચરને સે-૨૮ પ્રેસ સર્કલ પાસેથી પકડી પાડયો છે તેણે બે ચેઈન સ્નેચીંગના ગુનાની કબુલાત પણ કરી લીધી છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમના પીએસઆઈ આર.એન. વાઘેલા, એએસઆઈ અંબાલાલ, હજારીસિંહ, હે.કો. કાંતિભાઈ, પો.કો. હરીભાઈ અને ભવાનસિંહ સહિતની ટીમ શહેરમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સે-૨૮ પ્રેસ સર્કલ પાસેથી પલ્સર બાઈક સાથે સરદારનગરના છાપરા વિસ્તારમાં રહેતા પીન્ટુ ઉર્ફે ભૈયાજી રામપાલ રામબચ્ચન યાદવને પકડી સઘન પુછપરછ કરી હતી. પીન્ટુ ઉર્ફે ભૈયાજીએ તેના સાગરીત મિત્ર છનાજી ઉર્ફે સાન્યો ભુપતજી ઠાકોર સાથે મળીને જાહેરમાં ચેઈન સ્નેચીંગ કર્યા હોવાની કબુલાત કરી છે. પાંચેક માસ પહેલા બપોરના અરસામાં સે-૫ અંબે માતાના મંદિર નજીકથી એક મહિલાના ગળામાંથી રૂ. ૧૫ હજારની કિંમતનો દોરો અને સે-૨૭ના બગીચા પાસે રોડ ઉપર રૂ. ૧ લાખનું મંગળસૂત્ર એક મહિલાના ગળામાંથી આંચકી ચેઈન સ્નેચીંગ કર્યુ હોવાની કબુલાત કરતા બે ગુનાની કબુલાત મુજબ પિન્ટુની ધરપકડ કરી વધુ પુછપરછ શરુ કરી છે.

અઠવાડિયામાં એક ડઝનથી પણ વધુ કેસ ડેન્ગ્યુના નોંધાયા

ફાયર ઓફીસરનાં દિકરાને ડેન્ગ્યુ પોઝીટીવ : વાહકજન્ય રોગચાળો ફેલાતા તંત્રમાં ખળભળાટ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરને વાહકજન્ય રોગચાળા સંદર્ભે અતિ સંવેદનશીલ વિસ્તાર ઘોષિત કરવામાં આવેલો છે. ત્યારે શહેરમાં છેલ્લા એક અઠવાડિયામાં એક ડઝનથી પણ વધુ ડેન્ગ્યુ પોઝીટીવના કેસ નોંધાતા તંત્ર દોડતુ થઈ ગયું છે. દરમિયાન આજે ગાંધીનગર ફાયર ઓફીસરના દિકરાને પણ ડેન્ગ્યુ પોઝીટીવ રીપોર્ટ આવતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

વાહકજન્ય રોગો શહેરમાં તેજ ગતિએ ફેલાઈ રહ્યા છે ત્યારે શહેરને અતિ સંવેદનશીલ વિસ્તાર ઘોષિત કરીને તંત્રને એલર્ટ રહેવા સુચના આપી દેવામાં આવી હતી. તો બીજી તરફ ડેન્ગ્યુએ ધીમે ધીમે શહેરને લપેટમાં લીધુ છે. છેલ્લા એક અઠવાડિયામાં ગાંધીનગર શહેરમાં એક ડઝનથી પણ વધુ ડેન્ગ્યુ પોઝીટીવ કેસ નોંધાયા છે. દરમિયાન છેલ્લા ત્રણેક દિવસથી સામાન્ય તાવના ભોગ બનેલા ફાયર ઓફીસર મહેશ મોડના દિકરા ૧૪ વર્ષનો દિકરો કિશન મોડને વધુ તબિયત લથડતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. ડેન્ગ્યુના રીપોર્ટ કરાવતા ડેન્ગ્યુ પોઝીટીવ આવ્યો હોવાનું ખુલ્યું છે. કિશનને હોસ્પિટલના વીઆઈપી વોર્ડમાં દાખલ કરીને સારવાર શરૂ કરવામાં આવી છે.

આજે કલ્ચરલ ફોરમના ગરબામાં મહાઆરતી

ચાર ટીવી ચેનલ્સ અને ચાર વેબસાઈટ પરથી મહાઆરતીનું જીવંત પ્રસારણ

કરાશે : દીવડાઓના ઝગમગાટથી અલૌકિક વાતાવરણ નિર્માણ થશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી મહોત્સવ દરમિયાન આસો સુદ આઠમે યોજાતી મહા આરતી તા. ૨-ઓક્ટોબરને ગુરૂવારે રાત્રે ૧૧.૩૦ કલાકે યોજાશે. આ વર્ષે અંદાજે ૨૧ હજાર જેટલા લોકો હાથમાં દીવડા લઈને મા આદ્યશક્તિની મહાઆરતી ઉતારશે. વિશાળ મેદાનમાં એકી સાથે ૨૧ હજાર જેટલા દીવડાના ઝગમગાટથી અલૌકિક વાતાવરણનું નિર્માણ થાય છે. અદ્‌ભૂત મહાઆરતીમાં સહભાગી થવાનો લ્હાવો લેવા માનવ મહેરામણ ઉમટે છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ મહાઆરતી વિષે જણાવ્યું હતું કે, ગાંધીનગર કલ્ચરલ ફોરમની ૨૦ વર્ષની પરંપરા પ્રમાણે આ વર્ષે પણ અભૂતપૂર્વ મહાઆરતીનું આયોજન કરાયું છે. ગાંધીનગર અને બહારગામથી આવતા હજારો ગરબા પ્રેમીઓમાં આઠમની મહાઆરતીનું વિશેષ આકર્ષણ છે. આ વર્ષો તા. ૨જી ઓક્ટોબરને ગુરૂવારે યોજાનારી મહાઆરતીમાં લગભગ ૨૧ હજાર જેટલા લોકો ભાગ લેશે એવો અંદાજ છે.

'એક થઈએ-નેક થઈએ, ભેદભાવ ભુલીને ભેટીએ અને જડતા છોડીએ-ભળતા રહીએ' એવી ભાવના અને મનોકામના સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમે નવરાત્રી મહોત્સવનું આયોજન કર્યું છે. આ આયોજનને ગાંધીનગરના અને આસપાસના લાખ્ખો લોકો તરફથી પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. આસો સુદ આઠમની મહાઆરતીનું અલગ-અલગ ૪ જેટલી ટીવી ચેનલ્સ દ્વારા જીવંત પ્રસારણ કરાશે. આ ઉપરાંત www.gcfgandhinagar.com, www.gandhinagarportal.com, www.eaglenews.in અને www.gandhinagarsamachar.com આ ચાર વેબસાઈટ પરથી પણ ગાંધીનગર કલ્ચરલની મહાઆરતીનું લાઈવ વેબકાસ્ટીંગ કરાશે. દેશ-વિદેશમાં રહેતા ગરબા"મીઓ ગાંધીનગર કલ્ચરલ ફોરમની મહાઆરતીના દર્શન કરી શકે એવું આયોજન કરાયું છે.

(તસવીર : દિપક જાની)

વિજયાદશમીએ ડૉ. આંબેડકરની ધમ્મક્રાંતિ વિશે પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા.૧

અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા 'સમ્રાટ અશોક વિજયાદશમી અને ડૉ. આંબેડકરની ધમ્મક્રાંતિ' વિષય પર આયુ. જનબંધુ કોસાંબી, આંબેડકર એવોર્ડ વિજેતાનું પ્રવચન તા. ૩-૧૦-૨૦૧૪ શુક્રવારે બપોરે ૩ કલાકે નગરપાલિકા ભવન સે-૧૧, કલેકટર કચેરી પાછળ રાખેલ છે તો બહુજન સમાજને હાજર રહેવા એકતા મંચના કન્વીનર સોમ વાઘેલાએ જણાવ્યું છે.

પાટનગર યોજના ભવનની ગંદકી ઉલેચવા કર્મચારીઓ કામે લાગ્યા

કચરાના ઢગની સાથે ફાઈલોના પોટલાનો પણ ઢગલો થયો

ગાંધીનગર, તા. ૧

સ્વચ્છ અભિયાન અન્વયે ગાંધી જયંતિની ઉજવણીના ભાગરૂપે નગરની તમામ કચેરીઓમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે સે. ૧૬ સ્થિત પાટનગર યોજના ભવનની વિવિધ ડીવીઝનલ કચેરીઓમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ઓફિસમાં કચરાની સાથે ફાઈલોના પોટલાની પણ સફાઈ કરવામાં આવી હતી.

શહેરમાં તા. ૨ ઓક્ટોબરના રોજથી સફાઈ અભિયાનનો આરંભ કરવામાં આવનાર છે. આરોગ્યમંત્રી નીતિન પટેલ નગરની સિવિલ હોસ્પિટલમાંથી આ અભિયાનનો પ્રારંભ કરાવશે. મહાત્મા ગાંધીની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે અમલી બનાવાયેલા સ્વચ્છતા અભિયાન અન્વયે કુલ ૪૪ જેટલી ટીમો બનાવવામાં આવી છે. સ્વચ્છતા અભિયાનમાં ઉચ્ચ સનદી અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વેપારીઓ પણ જોડાયા છે. જેના ભાગરૂપે હાલ તમામ કચેરીઓમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

સે. ૧૬ સ્થિત પાટનગર યોજના ભવન ખાતે પણ આજે વિવિધ ડીવીઝનલ કચેરીઓમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સવારથી જ કર્મચારીઓ સહીતનો સ્ટાફ સફાઈ કામમાં લાગી ગયો હતો. ભવનમાંથી કચરો ઉલેચવાની સાથે ફાઈલોના પોટલા પણ ફંફોસીને યોગ્ય રીતે ગોઠવવામાં આવ્યા હતા. જ્યારે પાન-પીચકારીથી રંગાયેલી ભીતો ઉપર પણ કલરકામ કરવામાં આવ્યું હતું. પાટનગર યોજનાને કોર્પોરેટ લૂક અપાયા બાદ નિયમિત સફાઈ વ્યવસ્થા ન જળવાતા ગંદકી ખબદબતી જોવા મળે છે. જ્યારે આ નમૂનારૂપ સફાઈ વ્યવસ્થા મુજબ કાયમી સ્વચ્છતા જળવાય રહે તેવો પણ સૂર ઉઠવા પામ્યો હતો.

દશેરાએ એસ.ટી. બસોનું પૂજન કરાશે

સંસ્કાર ગ્રૂપ દ્વારા દશેરા પર્વ નિમિત્તે વાહન પૂજા કરવામાં આવશે. આ દિવસે દરેક વ્યકિત પોતાના વ્હિકલોનું પૂજન કરે છે ત્યારે સંસ્કાર ગ્રૂપ સેકટર-૧૧ પથિકાશ્રમ ડેપોમાં બપોરે ૧૨.૩૦ વાગે ઉજી ઓકટોબર શુક્રવારે ડેપોની તમામ બસોનું પૂજન કરશે અને ડ્રાયવર કડંકટરને શુભકામના પાઠવશે.

આજે આનંદનો ગરબો

માઈ મંડળ સેકટર-૨૩ દ્વારા આનંદનો ગરબો આજે ચંદ્રીકાબેન મકવાણાના નિવાસ સ્થાન ૪/૧, છ ટાઈપ ખાતે બપોરે ૨.૩૦ થી ૫-૦૦ દરમિયાન યોજવામાં આવશે. ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ છે.

વન, વૈભવ અને સુખ શાંતિની અધિષ્ઠાત્રી દેવીના આઠમા સ્વરૂપ 'મહાગૌરી'નું આજે પૂજન

મહાગૌરીનું આ સ્વરૂપ અન્નપૂર્ણા, ઐશ્વર્યપ્રદયિની, ચૈતન્યમયી અને ત્રૈલોક્ય પૂજ્યા તરીકે પણ પૂજાય છે

ગાંધીનગર, તા. ૧

આદ્યશક્તિના નવ સ્વરૂપોની નવરાત્રી દરમિયાન પૂજન, અર્ચન થાય છે. દેવો પણ નવરાત્રીમાં મા ભગવતીને પ્રસન્ન કરવા પૂજા કરતા હતા. જગદંબાના આ પવિત્ર પર્વના આઠમા દિવસે આઠમુ સ્વરૂપ 'મહાગૌરી'નું આજે પૂજન થશે. મા દુર્ગાની આઠમી શક્તિનું નામ મહાગૌરી છે. દેવી મહાગૌરીએ ભગવાન શિવને પામવા કઠોર તપસ્યા કરી હતી. જેમાં તેમનો વર્ણકાળો થઈ ગયો હતો. પરંતુ દેવીની તપસ્યાથી પ્રસન્ન અને સંતુષ્ઠ મહાદેવ તેમના શરીરને ગંગાજીના પવિત્ર જળથી ધોયું હતું ત્યારે તેમનો વર્ણ વિદ્યુતપ્રભાની જેમ અત્યંત કાંતિમાન અને શ્વેત થઈ ગયો હતો અને ત્યારથી તેઓ 'મહાગૌરી' તરીકે પૂજનીય બન્યા હતા.

જગતજનનીના આ આઠમા સ્વરૂપ મહાગૌરીને અન્નપૂર્ણા, એશ્વર્ય પ્રદયિની, ચૈતન્યમયી, ત્રૈલોક્યપૂજ્યા, શારીરિક-માનસિક અને સંસારીક તાપને હરણ કરવાવાળી દેવી તરીકે પણ પૂજાય છે. આ દેવીની શક્તિ અમોઘ છે અને તે સદ્યઃ ફલદાયીની છે. મા ની ઉપાસનાથી આ જન્મના જ નહી પરંતુ

પૂર્વજન્મના પાપ પણ ધોવાય છે. એટલું જ નહી પરંતુ ભવિષ્યમાં પાપસંતાપ, દૈત્ય-દુઃખ ક્યારેય ભકતને પરેશાન કરતા નથી. મહાગૌરીના ઉપાસક પવિત્ર અને અક્ષય પૂણ્યોના અધિકારી બને છે.

મા મહાગૌરીનો વર્ણ પૂર્ણ પણે શ્વેત છે અને માતાજીના આ ગૌરવર્ણની ઉપમા શંખ, ચંદ્ર અને કુંદનના ફુલો સાથે કરાઈ છે. માતાજીના તમામ વસ્ત્રો અને આભુષણો શ્વેત છે. મસ્તક ઉપર ચંદ્રનો મુગટધારણ કર્યો છે. મહાગૌરીનું વાહન વૃષભ એટલે બળદ છે. દેવીનો ઉપરનો જમણો હાથ અભય મુદ્રામાં છે અને નીચેના હાથમાં ત્રિશુલ છે જ્યારે ઉપરના ડાબા હાથમાં ડમરૂ અને નીચેના હાથમાં વર મુદ્રા છે.

દેવીમાતા શાંત મુદ્રામાં વિરાજમાન છે જેમના સ્મરણ માત્રથી ભક્તોને અપાર ખુશીઓ મળે છે. તેમજ આ દિવસે કન્યાઓનું પૂજન કરવાથી માતાજીની કૃપા પ્રાપ્ત થાય છે. મહાગૌરી ધન, વૈભવ અને સુખ શાંતિની અધિષ્ઠાત્રી દેવી તરીકે પણ પૂજાય છે. આ દેવી ગીત-સંગીતથી પ્રસન્ન થાય છે. વિધિ-વિધાનપૂર્વક માતા મહાગૌરીનું પૂજન કરવાથી સાધકનું બિંદુચક્ર જાગૃત થાય છે અને તમામ સંકટોમાંથી મુક્ત બનાય છે. મહાગૌરીનું પૂજન આઠમા સ્વરૂપે સાધક કરતા હોય છે અને પવિત્ર પર્વ નવરાત્રીમાં જગદંબાની અપાર કૃપા પ્રાપ્ત કરી છે.

ચાલુ બસે આદ્યશકિતની આરાધના કરતા કર્મચારીઓ

મન ચંગા તો કથરોટમાં ગંગા... આ કહેવતને વટવા બ્યુરો પોઈન્ટની બસમાં અપડાઉન કરતા સચિવાલયના કર્મચારીઓએ સાર્થક કરી છે. માતાજીની આરાધનાના દિવસો ચાલી રહ્યા છે. ખેલૈયાઓ ગરબે ઘુમીને આરાધના કરતા હોય છે ત્યારે રોજ અવર જવર કરતા કર્મચારીઓ ચાલુ બસમાં મુસાફરી દરમિયાન માતાજીની આરાધના કરે છે. એક ફુટની જગ્યામાં વિશાળ ગ્રાઉન્ડ જેટલું મોટું મન રાખી માતાજીના નામની તાલી પાડે છે. ત્યારબાદ આરતી-પૂજા કરી પ્રસાદ વહેંચવામાં આવે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૨
સૂર્યાસ્ત : ૬.૨૫

તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૫૫ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ખૂબસૂરત : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ડિલીવર અસ ફ્રોમ એવિલ (અંગ્રેજી) : ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
ખૂબસૂરત : ૧૦.૦૦
દાવત એ ઈશ્ક : ૧૨.૧૫, ૭.૪૫
૩ એ.એમ. : ૨.૩૦
બે યાર (ગુજરાતી) : ૫.૦૦
ડેસી કટ્ટે : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
૩ એ.એમ. : ૧૦.૦૦
ડેસી કટ્ટે : ૧૨.૩૦, ૬.૩૦
ખૂબસૂરત : ૩.૩૦
દાવત એ ઈશ્ક : ૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડેસી કટ્ટે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
૩ એ.એમ. : ૧.૧૫, ૭.૧૫
સ્ક્રીન-૩ :
બલવિંદરસિંઘ ફેમસ હો ગયા : ૧૦.૦૦, ૭.૦૦
દાવત એ ઈશ્ક : ૧.૦૦
૩ એ.એમ. : ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે.

વૃષભ : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

કન્યા : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. બંકીમભાઈ અમરતભાઈ ઠાકોર (ઉ.વ.૫૨) પ્લોટ નં. ૬૪/૧, સેક્ટર-૪એ, ગાંધીનગર
- સ્વ. મણીભાઈ ગુલાભાઈ પરમાર (ઉ.વ.૮૦) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર